Part-2, Chapter-4

પ્રકરણ : (૪)

સંવાદ અને બોલી

સંવાદ એ નાટકનું વિશિષ્ટ અંગ છે. સામાન્ય રીતે દરેક પ્રકારના નાટકમાં સંવાદનું આગવું મહત્વ હોય છે. સંવાદનું તત્વ નાટકને સાહિત્યના અન્ય સ્વરુપોમાં વિશિષ્ઠ સ્થાન અપાવે છે. સંવાદ એ સાહિત્ય સ્વરુપ લેખે નાટકની આગવી ઓળખ છે.

ભવાઈ એ ગુજરાતનું લોકનાટ્ય હોવા છતાં તેમાં માત્ર ગુજરાતી ભાષાનો જ પ્રયોગ થતો નથી. અન્ય ભાષાઓને પણ મહત્વ અપાયું છે. ભવાઈની ઉત્પત્તિ અને તેના વિકાસ દરમ્યાનના સમયગાળાની, તે વખતની રાજકીય તથા ભૌગોલિક પરિસ્થિતિની સ્પષ્ટ અસર દેખાય છે. અસાઈત ઠાકર અને તે પછીનો સમયગાળો ગુજરાત માટે મુસ્લીમ શાસનનો ગાળો હતો. જે કારણે ભવાઈમાં મુસ્લીમ પાત્રો અને મુસ્લીમ વેશોને મહત્વ આપવામાં આવ્યું. મુસ્લીમ વેશોમાં ઉર્દૂ ભાષાનો પ્રયોગ કરવામાં આવ્યો. તે સમયના 'ગુજરાત' માં ઉતર ગુજરાત સાથે રાજસ્થાનનો કેટલોક પ્રદેશ જોડાયેલો હતો. સૌરાષ્ટ્ર અને રાજસ્થાન સાથેના સાંસ્કૃતિક આદાન પ્રદાનને લીધે ભવાઈમાં પણ રાજસ્થાની ભાષા તથા સૌરાષ્ટ્રના દુહા જોવા મળે છે.

ભવાઈના સંવાદોમાં સાહિત્યિક ભાષા કરતાં બોલચાલની ભાષાનો સવિશેષ પ્રયોગ થાય છે. ગુજરાતના વિવિધ પેટા પ્રદેશો અને તેમાં રહેતી જુદી જુદી જાતિઓ – જ્ઞાતિઓ અને વર્ગનું પ્રતિનિધિત્વ કરતા વેશોમાં જુદી જુદી બોલીઓના પ્રયોગ છે. ભવાઈમાં શિષ્ટ ભાષા કરતાં લોક બોલીઓનો બહોળા પ્રમાણમાં પ્રયોગ થયેલો છે.

ભવાઈના સંવાદો (૧) પ્રચલિત – પરંપરાગત તથા (૨) શીઘ્ર યોજીત (Improvised) એમ બે પ્રકારના હોય છે. ભવાઈના નટો તત્‌કાલીન પરિસ્થિતિને અનુરુપ સંવાદો યોજતા હોય છે. આવા કોઈ નટ ધ્વારા શીઘ્ર પણ યોજાયેલ સંવાદોનો પછી વારંવાર ઉપયોગ પણ થાય છે. પરંતુ બદલાયેલ પરિસ્થિતિમાં બિન અસરકારક સંવાદો નીકળી જાય છે. જ્યારે દરેક પરિસ્થિતિમાં અનુકુળ હોય તે પ્રકારના સંવાદો કાયમી સ્થાન પામે છે. ભવાઈ વેશો લગભગ છસો વર્ષથી ભજવાતા રહયાં છે અને ભવૈયાઓ પોતાના ટોળામાં વિવિધ સ્થળોએ ફરતા રહયાં છે. જે તે સમયગાળા તથા પ્રદેશમાં રહેતા લોકો (પ્રેક્ષકો) પ્રયોગ સમજે-માણે તે હેતુથી ભવૈયાઓ સમય અને સ્થાનને અનુરૂપ ભાષા બોલીમાં ફેરફાર કરતા રહે છે. આમ ભવાઈના સંવાદોમાં પરિવર્તન થતું રહે છે. જેથી મૂળ રચેલા વેશના સંવાદો કયા હશે તે કહેવું મુશ્કેલ છે. આથી વધુ વખત ઉપયોગમાં લેવાતા સંવાદો માટે અહીં 'પ્રચલિત – પરંપરાગત' સંવાદો એવા શબ્દનો પ્રયોગ કર્યો છે.

ભવાઈમાં સામાજિક, ઐતિહાસિક અને પૌરાણિક વેશોનો સમાવેશ પાત્ર છે. પરંતુ ઐતિહાસિક અને પૌરાણિક વેશોમાં સંવાદોની ભાષા જૂદી પડતી નથી. રામ અને કૃષ્ણ જેવા પાત્રો આજની લોકબોલીમાં સંવાદો બોલે છે, જેમ કે -

ઉદાહરણ :

(૧) <u>કાનગોપીનો વેશ</u> :

નાયક : આ ગોપીઓતો આવી.

કાનો : અલ્યા બધા ખબરદાર રહેજો[૧]

(૨) <u>પતાઈ રજાનો વેશ</u> :

પતાઈ : અહો આજેતો ગરબો ખૂબ ચગ્યો.
મારી રાણીઓતો આઠ છે. તો આપ નવમા દેવી સરખાં કોણ છો?

મહાકાળી : રાજા હું પણ એક સ્ત્રી છું અને આવો સરસ ગરબો થતો સાંભળીને મને પણ એમાં ભાગ લેવાનું મન થયું, તેથી કોઈનીય રજા વગર આવી છું

પતાઈ : આવ્યાં તો ભલે આવ્યાં. અમ સૌના મનને ભાવ્યાં.
તમેતો અમારા પર મોટી કૃપા કીધી[૨]

સામાજિક વેશોમાં પાત્રોની બોલીઓ જૂદી પડે છે. હિન્દુ અને મુસ્લીમ એમ બંને કોમના વેશ રચાયેલ છે. મુસ્લીમ પાત્રોના હિન્દુ સ્ત્રીઓ

સાથેના પ્રેમ સંબંધો વર્ણવાયા છે. (જે કદાચ તે સમયની સામાજિક પરિસ્થિતિનું પ્રતિબિંબ હોઈ શકે.) મુસ્લીમ પાત્રોને રજૂ કરતાં વેશોમાં ઉર્દૂ ભાષાનો પ્રયોગ કરવામાં આવે છે. જેમ કે –

ઝંડા ઝૂલણનો વેશ :–

ઝંડો : બંદે બોલ બિસ્મીલ્લાહ,
અબ તુ યાદ કર અલ્લા.
જબ તક બની હૈ જીંદગી,
બરાબર કીજિયે બંદગી.
રખો રમજાન કા રોજા,
મીટાદો શીર કા બોજા.
ન કર ચોરી ઔર ચાડી,
ન કર પરનારસે યારી.
કિસીકા દિલ ન દુખાના,
રુપૈકા વ્યાજ નહિ ખાના.[3]

ઉપરોકત પંકિતઓ ઝંડા ઝૂલણના વેશમાં ઝંડો બોલે છે. જેણે પોતે પરનારી સાથે 'યારી' કરી છે.

મુસ્લીમ પાત્રોના હિન્દુ સ્ત્રીઓ સાથેના પ્રેમ સંબંધો દર્શાવતા વેશોમાં ગુજરાતી અને ઉર્દૂ ભાષાનો સમન્વય જોવા મળે છે. જેમ કે –

kalpana's

જુઠણનો વેશ :

બીબી : હે તરકડીયા હે તરકડીયા-
કે'તો લાવુ માણેક મોતી,
કે'તો લાવું મેવા.
કાચી કલીઓ સ્નેજ બીછાવું,
કરું તમારી સેવા
તાક થૈયા થૈયા

જુઠણ : સેવા કર કર મેવા પાયે,
સુન હમારી બાતાં.
પલ્લા પકડ યું કહેતા હું
કૌન હૈ તુમ્હારી જાતાં.
તાક થૈયા થૈયા

બીબી : જાત પુછીને શું કરશોજી,
સાંભળ મુખની વાણી.
એક વાત અમે જાણીએ,
તું તરક હું હિન્દવાણી.
તાક થૈયા થૈયા

જુઠણ : હિન્દવાણી તું જુઠા બોલી,
ભર પાણીકા બેડા.
પર પુરુષાકો હંસ બુલાવે
હમકુ ક્યું [illegible] કુસલાવે[૪]
તાક થૈયા થૈયા

kalpana's

ઝંડા ઝૂલણના વેશમાં ઝંડા દ્વારા બોલાતી પંક્તિઓમાં ઉર્દૂ અને ગુજરાતી ભાષાનું મિશ્રણ જોવા મળે છે.

ઝંડા ઝૂલણનો વેશ :

ઝંડો : ટળ્યા ન ટળે લેખ,
દેખો શાસ્ત્રકી રીત.
પેલા ભવકા સંબંધ હૈ,
ઉસસે હો ગઈ પ્રિત.

સોના બેડા સિર ધરો,
પેરો રેશમ ચીર.
હમકો મૌલા મદદ કરે
તુમકો દાવલ પીર.[૫]

ભવાઈના સંવાદો ગદ્ય અને પદ્ય એમ બંને પ્રકારે યોજાયેલા છે. ગદ્ય સંવાદોમાં વિવિધ લોક-બોલીઓનો પ્રયોગ જોવા મળે છે. પદ્ય સંવાદોમાં દુહા, છંદ, ચોપાઈ વગેરેનો પ્રયોગ જોવા મળે છે. પદ્ય સંવાદોનું કાવ્ય-તત્વ અને લયબધ્ધતા પ્રેક્ષકોને વધુ આકર્ષે છે.

સામાજિક વેશો અંતર્ગત વિવિધ જ્ઞાતિ અને વર્ગનું પ્રતિનિધિત્વ કરતાં વેશોમાં વેશને અનુરૂપ બોલીનો ઉપયોગ થાય છે, જેમ કે -

(૧) કંસારાનો વેશ :

કંસારો : વાત તો સાંભળો, હવે અમારી દુકાનમાંથી ખપત કરાવો. લ્યો આ તપેલું, લ્યો આ બુજારાં.

નાયક : શા ભાવે આપ્યાં?

કંસારો : વાટકીના વીસ રુપિયા,
બુજારાના બાવીસ
આ તપેલીના તરી ન આલે
તેને ખઈ જાય મોટો ખવીસ[૬]

આમ ગદ્ય સંવાદો બોલતાં ભવાઈના પાત્રો અચાનક પદ્ય તથા અપદ્યાગદ્ય સંવાદો પણ પ્રયોજે છે.

(૨) સરાણિયાનો વેશ :

સરાણિયો : અમે સરાણિયા છઈ.

નાયક : તમે શું કામ કરો છો.

સરાણિયો : હુડીયો હજી દઈ, ચાકા હજી દઈ,
છરીઓ હજી દઈ, તલવારો હજી દઈ
નઈણી હજી દઈ, લાવો તમારા
અસ્ત્રા હજી દઈ[૭]

(૩) વાધરીનો વેશ :

વાધરી : આપણે બધાં ગામ ફરી આઈ આયા.
આપણે નવો ધંધો કરવાનો છ.

વાધરણ : અલ્યા, ઑમ આય, ઑય આય.
હૉભર્યું કઉસુ તારા બાતે તૉ હું દાટ્યુ છે?

વાધરી : (નાયકને) અલ્યાભઈ ઑય આવો અમારી પંચાત કરો.

નાયક : તમે કોણ છો? તમારું હશું હું થાય?

વાધરણ : (નાયકને) અલ્યા તું હું ઓળખાણ માગ.....તારી
નાતમૉ તો સાલતુ નથી. (વાધરીને) અલ્યા મારી
બાયડીના શીયા હૉભર્ય.[8]

(૪) કુંભારનો વેશ :

કુંભારણ : (ઉંચે સાદે) હવે દિકરી મોટી થઈ, ઈનો કંઈ વસાર
કર્યો કે પસે ઉંધુ ઘાલીને સાકડોજ ફેરવ્યે જાવો સે?

કુંભાર : હં હં હં ......હળવે હળવે બોલ્ય
ઠીકરીની મા, તને સાસ ચઢી જાસે[6]

(૫) ભોઈ પૂરબીયો :

ગંગારામ : (નિશાન તાકવાનો અભિનય કરતાં)
એ - એ - ઑમ ખસ નઈ તો મરી જે.

પુરબિયાઓ : કા બોલા ? કૌન મરતા હય?

ગંગારામ : હમ નિશાન તાકતા હય. હું ફોજદાર છું. પોલીસ. ફોજદાર છું.

પુરબિયો : ફોજદાર? અચ્છા રામ રામ હો
રામ રામ. અચ્છા નામ કયા?

ગંગારામ : ગંગારામ

પુરબિયો : ગંથારામ? ગંગારામ બોલતા?
અચ્છા ગંગારામ રામ રામ હો

ગંગારામ : અલ્યા મારા રામ ભઈ રામ?
હું બોલ્યો?

પુરબિયો : રામ રામ. હમકુ પિછાનતા હય?

ગંગારામ : અલ્યા પીછાણવાનું વળી ચેવું?

પુરબિયો : હમકુ ઓળખતા નહિ? અચ્છા ભલા તુમ ગુજરાતી લોગ
હમતો હિન્દુસ્તાની લોગ હમ ભોઈરાજ હય,
ભોઈરાજ.[૧૦]

૬) જોગીનો વેશ :

નાયક : કેમ બાવાજી થાનક જમાવ્યું?

જોગી : હમતો ગીરનારસે આયા, હિમાલય સે આયા. ચપટી લોટ આપો તો ચપાટી ઘડી દઉં.
(ચેલાને વિદ્યા ભણાવતાં)

Kalpana's

જોગી : અગડમ્ બગડમ્ અગડમ્ બગડમ્ રામ રામ

ચેલો : અગડમ્ બગડમ્ અગડમ્ બગડમ્ રામ રામ

જોગી : ચલો બચ્ચા અબ વધા ભણવા બંધ કરો ઔર ભીખી આણેલા પૈસાનું શેર ભૂસુ લઈ આવો એટલે આપણે બેસીને ઉડાવીએ [11]

(૭) જશમા ઓડણનો વેશ :

ઓડ : અરે કઉસુ, ગગી મોટી થઈ એનું કંઈ ગોતવું પડશે.

ઓડણ : હા મોટીતો થઈ

ઓડ : છોડીને બોલાવ

ઓડણ : જહમા (બુમ પાડી) જહમા..... ઓ. જહમા (ઓડને) એતો ગધાડામાં ગઈ છે [12]

ગદ્ય સંવાદોમાં જે તે વેશને અનુરૂપ બોલીઓનો ઉપયોગ થયો છે. ઉપર દર્શાવેલા ઉદાહરણ ઉપરાંત વણઝારો, દરજી, ઢેડ, મારવાડણ, કાબો, પઠાણ - બ્રાહ્મણી, મીયાં-બીબી વગેરે વેશોમાં વિવિધ પ્રકારની લોક-બોલીઓના ઉપયોગ થાય છે. રત્નાહમીરનો વેશ રાજસ્થાની ભાષામાં રચવામાં આવ્યો છે. આ વેશમાં સોરઠા અને દોહાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

Kalpana's

ભવાઈમાં પદ્ય સંવાદોમાં વિવિધ ઢાળનો ઉપયોગ થાય છે. જેમાં દોહરા, સોરઠા, ઝૂલણા, સવૈયા, જેકરી, ચોપાઈ, છપ્પા વગેરે મુખ્ય છે. રાજસ્થાની સંસ્કૃતિની અસરનું પ્રમાણ નીચેના દોહરામાંથી મળી આવે છે.

'મારુ' તારા દેશમાં મેં દીઠયા ત્રણ રતન, એકતો ઢોલો હુજી મારૂડી, ત્રીજો કસુંબલ રંગ

જશમા ઓડણ વેશમાં ઓડ દંપતિ સોરઠી દોહરો ગાઈ પોતાની ઓળખ આપે છે. -

કાઠિયાવાડમાં કોકદિ' તુ ભૂલો પડ ભગવાન
તારા એવાતે સનમાન કરું તને સ્વર્ગે
ભૂલાવું શામળા.

બીજું ઓડ દંપતિ પોતાની ઝાલાવાડી ઓળખાણ આપતાં કહે છે -

એ કાઠિયાવાડી છૈયે અમે ઝાલાવાડી છૈયે
રાખો તો રૈયે નકે ઝાલાવાડે જૈયે [૧૩]

છેલ બટાઉના વેશમા હિન્દી વ્રજ બોલીનો ઉપયોગ થાય છે.

મોહના : પ્રિતમ પતિયાં જો લિખું
જો કછુ અંતર હોય.
તન મન જીવડા એક હૈ,
દેખનમે તન હોય.

છેલબટાઉ : પ્યારી તેરે દરશ બિન,
સુકો ભયો શરીર.
પાપી નેનાં ના સુકે,
ભર ભર આવે નીર.[૧૪]

આધુનિક નાટકોમાં ઉદાત્તતા આણવા બોલચાલની ભાષામાં ન પ્રયોજાતા હોય તેવા અસામાન્ય શબ્દોનો ઉપયોગ કરવાની પ્રથા છે. આ રીતે પ્રેક્ષકોથી ઓછા પરિચિત અગર અપરિચિત શબ્દો, સંવાદના અર્થનો પ્રભાવ વધારે છે. નાટકની શૈલીને ઉદ્દાત્ત બનાવે છે. પ્રેક્ષકો પર નાટકની અસર ઘેરી બનાવે છે. ભવાઈમાં આવા અપરિચિત શબ્દોનો પ્રયોગ થતો નથી. ગ્રામ્ય પ્રજાને સ્પર્શતું લોકનાટ્ય હોવાથી લોકબોલીઓમાં બોલાતા સામાન્ય શબ્દોનો ઉપયોગ થાય છે. કયારેક નટો શિઘ્ર સંવાદોમાં એવા નવા શબ્દો આમેજ કરે છે, જે વેશની અસલ કૃતિના નહીં, પરંતુ આજની પ્રચલિત લોકબોલીના હોય છે. જેમકે –

<u>વણઝારાનો વેશ</u> :

નાયક : તમે બધા શું કરો છો?

વણઝારો : અમે પોઠનો માલ વેચીને કમાઈએ છીએ.

નાયક : વગર પરવાનગીએ માલ વેચો છો?

વણઝારા : અમારે ત્યાં 'કન્ટ્રોલ' નથી.

નાયક : અમારે અહીં તો 'કન્ટ્રોલ' છે ભાઈ.[૧૫]

ભવાઈમાં પ્રચલિત સંવાદો કે જે તે વેશના દરેક પ્રયોગમાં લેવાય છે. તેમાંના કેટલાક વેશની અસલ કૃતિમાં હશે. વેશની રચના બાદ ભવાઈના નટો ધ્વારા ઉમેરણ પામેલા અને કાયમી સ્થાન પામેલા એવા સંવાદો પણ હોય છે. આ સંવાદો લગભગ એ વેશના બધાજ પ્રયોગોમાં જોવા મળે છે. જુદા જુદા મંડળો ધ્વારા ભજવાતા એકજ વેશમાં આ પ્રકારના પ્રચલિત સંવાદો ઠેર ઠેર જોવા મળે છે. જેમકે –

<u>બ્રાહમણનો વેશ</u> :

નાયક : મહારાજ તમારું ટીપણું કયાં છે?

બ્રાહમણ : ટીપણું તો અલ્યા ભૂલ્યો.

નાયક : કયાં ભૂલયા મહારાજ?

બ્રાહમણ : એ તુલસી કયારે નમાજ પઢતાં ભૂલ્યો.

નાયક : અલ્યા આ કેવો બામણ તું?
તુલસીકયારે તે નમાજ પઢાતી હશે?

બ્રાહમણ : અરે ભાઈ ભૂલ્યો. એ મસ્જીદમાં વેદ ભણતાં ભૂલ્યો.[૧૬]

કોઈ વેશમાં નટ ધ્વારા તત્કાલીન પરિસ્થિતિમાં જોડી કાઢવામાં આવેલા શીઘ્ર સંવાદો (Improvised) એજ વેશના અન્ય પ્રયોગમાં જોવા મળતા નથી. જેમ કે –

<u>જશમા ઓડણનો વેશ :</u>

નારાઋષિ : હુંતો પરમાત્માનો દાસરે
ઈન્દ્ર આવ્યો તમારી પાસે

ઈન્દ્ર : કયાંથિ આવ્યા? કયાં જવાના?
શું રે પડયું મારુ કામ

નારા : મૃત્યુલોકથી આવ્યો હું તો
નારાઋષિ મારું નામ
તપ કરવાને કાજરે
હુંતો આવ્યો તમારી પાસ

ઈન્દ્ર : અચ્છા તમને મૃત્યુલોકમાં રાક્ષસો રંજાડે છે. તો અહીં બેસો તમને કોઈ નહીં રંજાડે (ઈન્દ્ર નારાઋષિને ચોકમાં રાખેલી ટયુબલાઈટ નીચે બેસવાનું કહે છે. પરંતુ ટયુબલાઈટને કારણે ત્યાં મચ્છર ઉડતા હતા.)

નારા : (મચ્છર બતાવતાં) ના ના ત્યાં તપ નહીં થાય. ત્યાંતો મચ્છરો રંજાડશે. હુ તો અહીં બેસીશ (એમ કહીને ટયુબલાઈટથી થોડે દૂર બેસી જાય છે).[૧૭]

નટના આ શીઘ્ર યોજેલ સંવાદને કારણે પ્રેક્ષકોમાં હાસ્ય ફેલાય છે. સાથે સાથે વેશમાં ઈન્દ્ર અને નારા ઋષિની વેશભૂષા, સંવાદો અને અભિનયને કારણે પ્રેક્ષકોને જે સ્વર્ગલોકના વાતાવરણમાં લઈ જવાયા હતા. ત્યાંથી સીધા ભવાઈ ચોકમાં પાછા આવે છે.

kalpana's

ભવાઈમાં રજૂ થનાર વેશનું આવણું ગવાય, જેથી પ્રવેશનાર પાત્રની પ્રેક્ષાકોને જાણ થાય છે. પરંતુ ક્યારેક સંવાદોનો ઉપયોગ પાત્ર પોતાની ઓળખ આપવા માટે કરે છે. આ માટે ઘણે ભાગે 'નાયક'ની મદદ લેવાય છે. ભવાઈ ટોળીમાંનો કોઈ નટ કે તેને તે સમયે બીજો વેશ ભજવવાનો ન હોય તે ચોકમાં આવી પ્રવેશેલા પાત્રને એવા પ્રશ્નો પૂછે છે કે, જેથી પ્રવેશેલા પાત્રની ઓળખ અને ભજવવામાં આવનાર વેશ (પ્રયોગ) નો સંકેત મળે છે. જેમકે -

(૧) વણઝારાનો વેશ :

નાયક : તમે કોણ છો?

વણઝારો : હું વણઝારો છું. બાપા, અને આ મારી ઑરમાન બાયડી અને ઑરમાન છોડી છે.[૧૮]

(૨) સરાણિયાનો વેશ :

નાયક : તમારી ઓળખાણ?

સરાણિયણ : (સરાણિયાની પત્નિ) અમે હરાણિયા છઈ. હુડીયો હજી દઈ, તલવારો હજી દઈ ચાકા છરી હજી દઈ

નાયક : તમે એકલાં?

સરાણિયણ : મારો માટીડો છે. આ રયો અમાહના અજવાળા જેવો.

નાયક : (સરાણિયાને) અલ્યા મારું નામ?

સરાણિયો : મારું નામ દેવલો ભા

નાયક : આ તારી શું સગી થાય

kalpans'o

સરાણિયો : એ તો મારી ગલાબડી મા

નાયક : (સરાણિયણને) અને આ તારો શું સગો થાય

સરાણિયણ : એ તો મારો દેવલો ભા.

નાયક : અલ્યા તમે તે ધણી-ધણીયાણી છો?
કે મા દિકરો?[19]

કેટલાક વેશોમાં નાયક (અન્ય નટ) ની મદદ લીધા સિવાય પણ પાત્રો પોતાની ઓળખાણ આપે છે, જેમકે-

મહિયારીનો વેશ :

મહિયારી : (પ્રેક્ષકોને) હું છુ ગોકુળની મહિયારી મારે મહી વેચવા
કપડવંજ જવું છે મને કોઈ રસ્તો બતાડશો?[20]

ભારતના અન્ય રાજ્યોના પારંપારિક નાટકોના સંવાદોમાં પણ પ્રેક્ષકોને પાત્રની ઓળખ આપવાની યોજના વણી લેવામાં આવે છે. જેમકે -

યક્ષગાન :

(ભવાઈમાં 'નાયક' તેમ યક્ષગાનમાં 'ભાગવત' હોય છે.)

भागवत: आपका दिव्य धाम?
धर्मराज: इन्द्रप्रस्थका राजा आप किसे मानते हैं?
भागवत: सुना है कि धर्मराज है।
धर्मराज: आपका कथन सत्य है।[21]

ભવાઈમાં અમુક ચોકકસ સંજોગો સિવાય બે થી વધુ પાત્રો પડમાં (ચોક) અભિનય માટે આવતા હોય, તેવા ઓછા પ્રસંગે બને છે. જશમા ઓડણ-ના વેશમાં ઇન્દ્રની અપ્સરાઓનું નૃત્ય સાથે આગમન, તેજ વેશમાં ઓડ લોકોનો તળાવ ખોદવાનો નૃત્યાભિનય, જશમા અને રુડિયાના લગ્ન વગેરે પ્રસંગો બાદ કરતાં બે થી વધુ પાત્રો ભેગા થતા નથી. સંવાદો અને ક્રિયા બેજ પાત્રો વચ્ચે ચાલતી રહે છે. આવા સંજોગોમાં બિન જરુરી ક્રિયા (Action) દર્શાવતા દૃશ્યો ટાળવા સંવાદો ધ્વારા બનતી ધટનાઓ વર્ણવાય છે, જે ભવાઈની આગવી વિશેષતા બની રહે છે, જેમકે-

ઝંડા ઝૂલણ :

તેજા : ઝંડો પોઢયો મેડીયે,
તેજલ ઢોળે વાય.
તેજાએ કીધી ફરિયાદ રે
મહાજનની માંય.

ઝંડો : મહાજન મન વિચાર કરે
ઝૂલણકો પાલો પાતજી
આશક ઝૂલણ યું કહે
સબ લેખ સાહબકે હાથજી.

Kalpana's

તેજાં : મા'જન ઉઠયું મારવા રે
હાથે લીધી ઈંટ
લાલ ઝંડાને ન મારશો રે
મારે પૂરવ જનમની પ્રીત.[૨૨]

મહાજનના સભ્યોનું ટોળું વેશ (પ્રયોગ) માં લાવવું અનૈતિક પ્રેમ સંબંધે બંધાયેલા ઝંડાને ... ઘેરીવળી ઈંટ - પત્થરોથી મારવો વગેરે પ્રસંગોને ક્રિયા સ્વરુપે દર્શાવવામાં આવે તો ભવાઈની શૈલીને તે અનુરુપ ગણાય નહીં. તેથી નૃત્ય અભિનય સાથે લયબધ્ધ અને કાવ્ય તત્વવાળા સંવાદોનો ઉપયોગ કરી પ્રસંગને સરળ બનાવી દેવામાં આવે છે. પ્રેમક્રીડામાં મસ્ત એવા ઝંડા ઝૂલણને મારવાની ક્રિયા જોતાં જે પ્રકારની લાગણી પ્રેક્ષકે અનુભવવી જોઈએ તે પ્રકારની લાગણી તેનામાં જન્મતી નથી. છતાં પ્રસંગ સરળ રીતે સમજાઈ જાય છે. ત્યારપછી પરસ્ત્રી સાથે પ્રેમ કરવાથી બદનામ અને હતાશ થયેલ ઝંડો ફકીર બને છે. પરંતુ તે પ્રત્યક્ષ બતાવવાની જરુર નથી. ભવાઈના ઉપરોકત સંવાદો પછી તરતજ ગવાતી બીજી ઉકિતઓ બનેલ ઘટનાનું બયાન કરે છે.

ઝંડો :: કહું કિસ્સા મે ખુબ,
સુનો દિલકે મહેબૂબ.
હૈ હમ જાતકે પઠાન,
રહેતે દિલ્લીકે મુકામ.

kalpana'0

હમારા ઉંઝા થાના,
કહેતે લોગ દિવાના.

ઉંઝા અમકુ દિયા,
બાંકા થાનદાર કિયા.

ઘોડે પચીસ તહેનાત,
અમલ જાદેકે સાથ.

ડેરા સરવર કે પાલ,
ઉસમેં હુઆ બુરા ખ્યાલ.

દિલમેં લગી ભૂરકી,
પ્રીત એસી પરખી.

ચર્ચા લોકને ચલાઈ,
હમને જુતિયાં ભી ખાઈ.
તાક થૈયા થૈયા -

તેજાં : હું તમને પૂછું ઝૂલણા રે,
તમે કેમ થયા ફકીર.

અમો તમોને આવશું રે,
લાવો દખ્ખણના ચીર.[૨૩]

ઉપરોકત લયબધ્ધ સંવાદો ઝંડાનો ભૂતકાળ, એનો મોભો, એનો ઠાઠ, ભૂલ પછીનો એનો પશ્ચાતાપ અને તેનું પરિણામ એ બધું જ વર્ણવી જાય છે.

kalpana'o

ભવાઈના સંવાદોમાં વચ્ચે વચ્ચે દલીલબાજીનો પણ ઉપયોગ થાય છે. બે પાત્રો એક બીજા સામે દલીલો (Arguments) કરી પોતાની વાત સમજાવવાનો પ્રયત્ન કરે છે, જેમ કે -

<u>જશમા ઓડણનો વેશ</u> :

સિધ્ધરાજ : એ જશમા તું તો રૂડિયાને મોહી રે (૨)
તારો રૂડિયો લાગે લજામણો રે

જશમા : રૂડિયોતો મારો રે ભરથાર
રાજા રૂડિયો છે મારો રે ભરથાર

સિધ્ધરાજ : જશમા તારે સેવને સાકર (૨)
આવોતે ખીચડો શીદને ખાવો રે

જશમા : સેવને સાકર તારી રાણીને ખવડાવ
અમને ભાવે અમારો ખીચડો રે.....

સિધ્ધરાજ : જશમા તારે હીર ને ચીર (૨)
આવા ચીથડાં શીદ ઓઢવાં રે

જશમા : એવાં હીરને ચીર તારી રાણીને પેરાવ
અમને ઓડોને ભલાં ચીથડાં રે

સિધ્ધરાજ : જશમા તુંતો પાટણ ચાલ (૨)
પાટણની કરું પટરાણી તને.[૨૪]

kalpana's

ભવાઈના સંવાદોમાં અન્ય વિશિષ્ટતાઓ પણ જોવા મળે છે. જેમકે સંવાદોમાં ટુચકા, કોયડા - (નુકતા) ની ગૂંથણી, જે ગદ્ય અને પદ્ય એમ બંને પ્રકારે કરવામાં આવે છે, જેમ કે-

<u>પતાઈ રાજાનો વેશ</u> :

રાજા : કહો તો પ્રધાન આ દુનિયામાં ત્રણ વસ્તુ કાચી કઈ?

પ્રધાન : નાર, તાર ને ચાકર. આ ત્રણ વસ્તુઓ કાચી, એનામા વિશ્વાસ ના રખાય.

રાજા : પ્રધાન, ત્રણ વસ્તુ પાકી કઈ?

પ્રધાન : પાન, પટેલ અને પ્રધાન એ ત્રણ વસ્તુ પાકી સારી.

રાજા : ઉજળામાં ઉજળું શું?

પ્રધાન : ઉજળામાં ઉજળી માણસની કીર્તિ.

રાજા : ઝાડના પાન કેટલાં?

પ્રધાન : બે બાપુ. એક લીલું અને બીજુ સૂકું [૨૫]

પદ્ય શૈલીમાં પણ ઉખાણાનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે કેટલાક વેશમાં જોવા મળે છે.

kalpana's

કંસારાનો વેશ :

ઠઠેરી (કંસારી) : સાંભળો ઉખાણાં, ઉસકા જવાબ દો.
પત્થર મટી થઈ પ્રેમદા, ભોજન કરતાં ગાય -
અડધું અંગ ફરે કુંદડી, એનુ એઠું સૌ કો ખાય.

ફકીર : ઘંટી

ઠઠેરી : લંક લપેટણ સીત હરણ
નહીં લંકાપતિ રાય
જે કારણ કૌરવ હણ્યા
સ્ત્રી અંગે સોહાય

ફકીર : ચીર

ઠઠેરી : વેંત જેવડી વરખડી અને ઢાલ જેવડું ફુલ
કાચા ફળજો ઉતરે પાકું થાયે મૂલ

ફકીર : કુંભારનો ચાક.

ઠઠેરી : બાપે જનમી બેટડી, તેણે જન્મ્યો બાપ
ચતુર નર ચેતી કહે બેટી ભલીકે બાપ

ફકીર : આંબલો[૨૬]

kalpana's

નાટ્યના અન્ય પ્રકારોમાં સંવાદો વિવિધ પાત્રો વચ્ચેના સંબંધો અને ક્રિયા - પ્રતિક્રિયા દર્શાવવા પ્રયોજાયેલા હોય છે. પરંતુ ભવાઈના કેટલાક સંવાદો એવા હોય છે, કે જે નટો અને પ્રેક્ષકોના સંબંધોને ગાઢ બનાવે છે. નટો પોતાના કાયમી પ્રેક્ષકો (યજમાનો) ની વંશાવલી રાખતા હોય છે. પ્રેક્ષકોને તેમના પૂર્વજોની માહિતી - ગુણ દોષ તથા તેમની પાસેથી મેળવેલા ધનની વિગતો લયબધ્ધ સંવાદોમાં વર્ણવે છે. ભવૈયા - નાટકોના આશ્રયદાતા, શરુઆતમાં કણબી પટેલો હતા. પરંતુ ત્યારપછી અન્ય કોમના લોકોને ભવૈયાઓએ ભવાઈમાં રસ લેતા કર્યા. ગામના ધણી જમીનદાર - ઠાકોરો હતા. તેમને રીઝવવા રાજપૂતોની જાતો વિષે વર્ણન કરેલું છે. જેમ કે -

પ્રથમ જાત પરમાર
પથ્મી પરમારો તણી, ધરા ઉજ્જણ ધાર
ચોથો આબુ ગઢ બેસણો
નાગોર ગઢમાં ચૌહાણ, સોનગઢમાં એકાણપદ
રાજગઢમાં જેલોચર, બ્રાહ્મણગઢમાં બરોડ
કનોજ ગઢમાં રાઠોડ, બુંદી ગઢમાં આડા,
ચાંદગઢમાં ચારા, આજગઢમાં ટાંક
માંડણ ગઢમાં ગોર, ચિતોડ ગઢમાં પલાણિયા.
જેતલપુરમાં ડોડીયા, સોનગઢમાં પઢારીયા

kalpana's

પાલડીમાં ઉટા, મહિ કાંઠે મહિડા,

દિલ્હીમાં તુવોર, બાસદગઢમાં રોયેલા

કરસનગઢમાં વાઘેલા, જેસલમેરમાં ભાટીરા

કપડવંજમાં ડાભી, બાલગઢમાં સોલંકી

વેજલપુરમાં વેજા, સોનગઢમાં કાબા

પાટણમાં ચાવડા, મથુરાગઢમાં જાદવ.[૨૭]

'ભવાઈ' એ ટીકીટબારીવાળું થીએટર નથી. પરંતુ નાયકો અને યજમાનોના સંબંધો પર આધારીત પારંપારિક થીએટર છે. ભવાઈવેશો પુરા થયા બાદ ગામની વિદાય લેતી વેળા ગ્રામ્યલોકો અને નાયકો (ભવાઈ કલાકારો) ની બેઠક મળે છે. આ બેઠકમાં સરાણિયાનો વેશ રજુ થાય છે – જેમાં ગામને આશીર્વચન આપવામાં આવે છે. ભવૈયા તેમની યાત્રા દરમ્યાન જે ગામોમાં તેમની ઉપેક્ષા થઈ હોય, તેમની નિંદા કરે છે અને હાલમાં જે ગામના યજમાન છે તેમના ગુણો વર્ણવે છે. અન્ય ગામોની સરખામણીમાં આ ગામને ઉદાર પ્રતિષ્ઠિત લોકોથી વસેલું વર્ણવવામાં આવે છે. જેના કારણે ગામના લોકો તેમને ખુશ થઈ ઉદાર મને દાન આપે છે. સરાણિયાના વેશમાં આવતા આ ગાવણાને સનેડો કહેવામાં આવે છે. સનેડો એટલે સ્નેહબંધન. સનેડો નાયકો અને યજમાનોના સંબંધો ગાઢ–ઉષ્માભર્યા બનાવે છે. જેમ કે –

MEHTA LIBRARY
151
M. S. University of Baroda

સરાણિયાનો વેશ :

○ એ વાંટા ગામમાં ભવાઈ કરી.
જોવા આવ્યાતા મોટા
નવ રુપિયાનો ખરડો કર્યો,
સાત રુપિયા ખોટા, લાલ સનેડો.

○ એ ઉકેડીની મુવાડીમાં અકક્લઘણાં બાઈ અંબા
રાતે અચ્છેર દૂધ બોલ્યાં
હવાર (સવાર)માં નાહીગ્યાં રમ્બા, લાલ સનેડો

○ એ ભાગલપુરના ઉંચા ટીમ્બા
ઉપર ધોળી ધજા
ખાવા પીવાનું કાંઈ ન મળે
સુઈ રેવાની મજા લાલ સનેડો

○ એ મે'સાણા ગામના બસો દેસાઈ
રુપિયો લખાયો દોઢ
જેમ તેમ કરીને સવા આલ્યો
અલ્યા પાવલું આપશે પોર, લાલ સનેડો

○ ટેબા ગામમાં ભવાઈ કરી
આખા ગામે જાણ્યું
બાર જણા વચ્ચે એક ગોદડું આલ્યું
આખી રાત તાણ્યું, લાલ સનેડો

ભવાઈના નટો કોઈ ગામમાં તેમને હેરાનગતિ થઈ હોય તો તેના પર શાપ વરસાવતાં પણ અચકાતા નથી અને લોકોમાં નાયકો (ભવૈયા) માટે રહેલી ઉંડી ધાર્મિક શ્રધ્ધાનો લાભ ઉઠાવી તેમના પર ધાક જમાવવાનો પ્રયત્ન કરવા શીઘ્ર સંવાદો જોડી કાઢે છે. જેમ કે –

○ ટેટોદર ગામના ગોંદરે,
મને ટકોના આલ્યો લાગ
પણ કન્યા રેંજો વાંઝણી,
પેલા વરને તે ડસજો નાગ
લાલ સનેડો

○ એ આલેના ને આલવા ના દે
અને ભડાક દાંડી મૈડે
પણ વડગામના વાણિયા
તને હડકાયુ કુતરુ કૈડે
લાલ સનેડો

આ ઉપરાંત ભવૈયા આજના બદલાયેલા સમય અને પરિસ્થિતિમાં સમાજમાં નવા પ્રસરેલા દૂષણો પર વ્યંગ કરે છે.

○ એ કુવામાં કબુતર બોલે
વાળે ગરબડ ગોટા
સગી કાકીઓને ભત્રીજા લઈ ગયા
સમય આવ્યા ખોટા   લાલ સનેડો

Kalpana's

o   એ મા' મહિનાનું માવઠું
        અને ધૂળમાં ચકલી ના'ય
    ને રાંડી રાંડ આંખમાં મેંશ ધાલે
        નકકી એ નાતરે જાય   લાલ સનેડો

છેલ્લે જે ગામમાં હાલમાં તેઓ રહયાં છે તે ગામની પ્રશંસા કરે છે અને આશિષ આપે છે.

o   આ ગામનું સારુ થજો
        અને માતાજી કરજો મે'ર
    અને કર જોડી સર્વે નાયક કહે
        તમારે થાજો તે લીલા લહેર   લાલ સનેડો

o   આ પીંપળ ગામનું રાવણું
        તુ અવિચળ રાખજે રામ
    પણ દાને માને ઘણા ઉજળા
        તમારું ગોકુળ જેવું ગામ   લાલ સનેડો.[૨૮]

ઉપરોકત સંવાદો લયબધ્ધ હોવા છતાં શીઘ્રપણે યોજેલા (Improvised) હોય છે. ઘણાં શીઘ્ર યોજેલ સંવાદોનું પુનરાવર્તન પણ થાય છે. જેમાં ગામના નામો બદલાતા રહે અને પંકિતઓ એની એજ રહે છે.

• આમ ભવાઈના સંવાદોમાં તેની ઉત્પતિ અને વિકાસકાળ દરમ્યાનની ઐતિહાસિક, ભૌગોલિક, રાજકીય અને સામાજિક અસરો દેખાય છે.

• ભવાઈ ગુજરાતનું લોકનાટ્ય હોવા છતાં ગુજરાતી ભાષા સાથે ઉર્દૂ, હિન્દી અને રાજસ્થાની ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

• ગુજરાતની જ્ઞાતિઓ, પેટા જ્ઞાતિઓ તથા વિવિધ વર્ગોનું પ્રતિનિધિત્વ કરતાં પાત્રો વર્ગને અનુરૂપ બોલી બોલે છે. ભવાઈમાં સાહિત્યની ભાષા કરતાં બોલચાલની લોકભાષાનો પ્રયોગ વધુ થાય છે.

• પારંપારિક તથા શીઘ્રયોજીત સંવાદોના પ્રયોગ થાય છે. નટો તત્કાલીન પરિસ્થિતિને અનુરૂપ સંવાદો તત્કાળ યોજી બોલે છે.

• સંવાદો ગદ્ય, પદ્ય અને અપદ્યા – ગદ્યમાં યોજવામાં આવેલા હોય છે. નટો પ્રેક્ષકોને પોતાના પાત્રની ઓળખ સંવાદો ધ્વારા આપે છે. વેશમાં બનતી ઘટનાઓને ક્રિયા ધ્વારા બતાવવાને બદલે લયબધ્ધ સંવાદોનો ઉપયોગ થાય છે.

Kalpana's

• સંવાદોમાં દલીલનું તત્વ પણ છે બે પાત્રો વચ્ચે પોતાનો મત - વિચાર દર્શાવવા લયબધ્ધ સંવાદોમાં દલીલો થાય છે.

• ભવાઈના સંવાદોની વિશેષતામાં તેમાં આવતા નુકતા, કોયડા, ઉખાણા છે.

• વેશમાં કાયમી પ્રેક્ષકો (યજમાનો) ની પેઢીઓનું વર્ણન કરી, તેના ગુણગાન ગવાય છે. તે ઉપરાંત શીઘ્રયોજીત સંવાદો ધ્વારા જે ગામમાં આવ્યા હોય તે ગામને આશીર્વચન આપવામાં આવે છે. આ દરમ્યાન નટો પ્રેક્ષકો સાથે સીધો સંબંધ સ્થાપી પોતે પાત્ર મટી, નટ બની જાય છે.

kalpana's

સં..દ..ર્ભ

૧) Bhavai ડૉ.સુધાબહેન દેસાઈ (૧૯૭૨), પૃ.૪૫૯.

૨) એજન પૃ.૪૫૧

૩) મોટી રત્નાગીરી માતા - કપડવંજ, તા.૩-૯-૮૭ ના રોજ
સ્વ. શ્રી સોમાભાઈ ડી.નાયક સાથેની મુલાકાત આધારે.

૪) પીંપળ તા.મહેસાણા, તા.૨૪-૧૦-૮૭ ના રોજ રજુ થયેલ પ્રયોગ
આધારે.

૫) Bhavai ડૉ.સુધાબહેન દેસાઈ (૧૯૭૨), પૃ.૨૫૯, ૨૬૦

૬) એજન પૃ.૩૨૧

૭) મોટી રત્નાગીરી માતા - કપડવંજ, તા.૩-૯-૮૭ ના રોજ
રજુ થયેલ પ્રયોગ આધારે.

૮) મોટી રત્નાગીરી માતા - કપડવંજ, તા.૫-૯-૮૭ ના રોજ
રજુ થયેલ પ્રયોગ આધારે.

૯) Bhavai ડૉ.સુધાબહેન દેસાઈ (૧૯૭૨), પૃ.૩૩૬

૧૦) મોટી રત્નાગીરી માતા - કપડવંજ, તા.૩-૯-૮૭ ના રોજ
રજુ થયેલ પ્રયોગ આધારે.

૧૧) Bhavai ડૉ.સુધાબહેન દેસાઈ (૧૯૭૨), પૃ.૩૫૩, ૩૫૪, ૩૫૬

૧૨) મોટી રત્નાગીરી માતા – કપડવંજ, તા.૪-૯-૮૭ ના રોજ રજુ થયેલ પ્રયોગ આધારે.

૧૩) રણુ તા.પાદરા તા.૩૧-૯-૮૮ ના રોજ રજુ થયેલ પ્રયોગ આધારે.

૧૪) Bhavai ડૉ.સુધાબહેન દેસાઈ (૧૯૭૨) પૃ.૨૮૯.

૧૫) એજન, પૃ.૩૧૬

૧૬) રણુ, તા.પાદરા તા.૩૦-૧-૮૮ ના રોજ રજુ થયેલ પ્રયોગ આધારે.

૧૭) વેરાઈ માતા ચોક, વડોદરા તા.૨૬-૯-૮૮ ના રોજ રજુ થયેલ પ્રયોગ આધારે.

૧૮) Bhavai ડૉ.સુધાબહેન દેસાઈ (૧૯૭૨) પૃ.૩૧૪.

૧૯) પીંપળ, તા.મહેસાણા તા.૨૫-૧૦-૮૭ ના રોજ રજુ થયેલ પ્રયોગ આધારે.

૨૦) મોટી રત્નાગીરી માતા, કપડવંજ, તા.૪-૯-૮૭ ના રોજ રજુ થયેલ પ્રયોગ આધારે.

૨૧) यक्षगान કે. શિવરામ કારંત, અનુવાદ બી.વી.કારંત (૧૯૭૩) પૃ.૩૭

૨૨) Bhavai ડૉ.સુધાબહેન દેસાઈ (૧૯૭૨) પૃ.૨૭૧

૨૩) એજન પૃ.૨૭૧

૨૪) મોટી રત્નાગીરી માતા, કપડવંજ, તા.૪-૯-૮૭ ના રોજ રજુ થયેલ પ્રયોગ આધારે.

૨૫) મોટી રત્નાગીરી માતા, કપડવંજ તા.૫-૯-૮૭ ના રોજ રજુ થયેલ પ્રયોગ આધારે.

૨૬) Bhavai ડૉ.સુધાબહેન દેસાઈ (૧૯૭૨) પૃ.૩૩૨ - ૩૩૩

૨૭) મોટી રત્નાગીરી માતા, કપડવંજ, શ્રી જોઈતારામ નાયક સાથેની મુલાકાત આધારે તા.૧૨-૯-૮૯.

૨૮) પીંપળ તા.મહેસાણા તા.૨૫-૧૦-૮૭ ના રોજ ગામ લોકો અને નાયકની મળેલ બેઠકમાં રજુ થયેલ પ્રયોગ આધારે.

Kalpana's